# 60

**કચ્છ જિલ્લાના ખારઈ ગામની જમીન માપણી કરી દુરસ્તી કરવા બાબતે**

*15/4/2488 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર): માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલેકટર કચ્છના તા.૦૧/૦૭/૨૦૨૨ના પત્રથી કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ખારઈ ગામના સર્વે નંબરોમાં જમીનની માપણી કરી દુરસ્તી કરીને લીઝમાંથી મુક્ત/છુટી કરવા સરકારને જણાવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા,<br>કલેકટરશ્રી – કચ્છના તા.૦૧/૦૭/૨૦૨૪ના પત્રથી જમીનની માપણી–દુરસ્તીના કામે સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શી કાર્યવાહી કરીને ઉક્ત ગામના કેટલા સર્વે નંબરોવાળી જમીનની માપણી કરી દુરસ્તી કરવામાં આવી અને કેટલા સર્વે નંબરવાળી જમીનની માપણી કરી, ક્યા કારણોસર દુરસ્તી કરવાની બાકી છે, અને | (૨) ૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લખપત તાલુકના ખારઈ ગામની કુલ – ૧૫ અરજીઓની માપણી i-Mojni મારફતે કરી નિકાલ કરવામાં આવેલ છે. જે હદ પૈકીની માપણીની અરજી હોઈ દુરસ્તીને પાત્ર ન હોવાથી દુરસ્તી કરવામાં આવેલ નથી.<br>૨) માપણી ફી ભરપાઈ ના કરવાને કારણે એક અરજી પડતર છે.<br>૩) લખપત તાલુકાના ખારઈ ગામના સ.નં. ૧૫૪ પૈકી ૪૨ તથા ૧૫૪ પૈકી ૪૩ ની દુરસ્તી જમીન ઓવરલેપ હોવાથી તેમજ દુરસ્તી બાબતે તકરાર હોવાથી તેમજ આ બાબત સરકારશ્રીના નિર્ણયાધિન હોવાથી દુરસ્તી પડતર છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરીને દુરસ્તી કરવામાં આવશે? | (૩) ખંડ – ૨ મુજબ સરકારશ્રી દ્વારા નિર્ણય થયેથી. |

----------